No. of Printed Pages : 4

**FGT**

01698

# Foundation Course : GUJARATI

## Term-End Examination

## June, 2010

## Course Code : FGT

*Time : 2 hours* *Maximum Marks : 50*

**આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (૮) પ્રશ્નો આપવામાં આવ્યા છે અને બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.**

**1. નીચેના વિષયોમાંથી ગમે તે એક પર નિબંધ લખો.** 8

(a) આતંકવાદને નાથવા શું કરીએ ?

(b) અમદાવાદમાં થયેલા શ્રેણીબદ્ધ વિસ્ફોટો.

(c) તમારા જીવનનો કોઈ વિલક્ષણ બનાવ.

(d) બાળવિકાસમાં ટેલિવિજનનું મહત્વ

**2. નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો.** 8

(a) લેખક અચાનક મળીજતાં ગુલબ્બોને કેવી લાગણી થઇ ?

(b) કાળુએ સહાવ્રતનું ધાન નહીં લેવાનું શા માટે નક્કી કર્યું ?

(c) અંગ્રેજોએ પંચાયતોનો નાશ કેવી રીતે કર્યો ? આમ કરવા પાછળ એમનો શો હેતુ હતો ?

(d) જોડણી એટલે શું ? ભાષામાં જોડણીનું શું મહત્વ છે ?

(e) અંધશ્રદ્ધા યુક્ત માનસ કેવું હોય ? 'જક્ષણી' વાર્તાના આ ખંડના આધારે તેવો ખ્યાલ આપો.

(f) સિંગરામવાળા એ ગાંધીજીને એમની ટિકિટ રદ થઈ છે એમ શાથી કહ્યું ?

3. (a) **કૌંસમા આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ ભરી ખાલી જગ્યા પૂરો.** 8

(i) જે ધ્વનિઓ શબ્દોમાં અરસપરસની અદલાબદલીથી ભાષામાં અર્થ ભેદ કરે છે તેમને ________ કહે છે.
(સ્વર, વ્યંજન, ધ્વનિસંકેત)

(ii) લેખકના મતે પત્રકારત્વ એક ________ ગણવો જોઈએ.
(ધર્મ, ધંધો, કસબ)

(iii) ________ એ વ્યક્તિત્વના વિકાસ માટેની પાયાની શરત છે.
(સુખ સગવડ, ઊચ્ચ શિક્ષણ, વ્યક્તિ સ્વાતંત્ર્ય)

(iv) ________ ભાષામાં લિપિચિન્હો ડાવી બાજુથી જમણી બાજુ લખાય છે.
(ફારસી, ઉર્દૂ, ગુજરાતી)

(b) **રુઢિ પ્રયોગની સામે તેનો અર્થ લખો.**

| | | | |
|---|---|---|---|
| (i) | છાતી પર પથ્થર મૂકવો | (A) | ગર્વ થવો |
| (ii) | છાતી પીગળવી | (B) | દુઃખ કે લાગણીથી રડુ રડુ થઈ જવું |
| (iii) | છાતી ફુલવી | (C) | હિંમતપૂર્વક સહન કરવું |
| (iv) | હૈયું ભરાઈ આવવું | (D) | દયા આવવી |

4. **નીચેનામાંથી ગમે તે બે વિષે ટૂંક નોંધ લખો.** 6

(a) નાગરિકની ફરજો.

(b) સમાનતાના હક.

(c) વ્યક્તિ સ્વાતંત્ર્યના હક.

5. **નીચેનાં વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને તેમને ફરીથી લખો.** 4

(a) પેલા વિચાર લાગવા માંડ્યા કાળુને બાલિશ પોતાના જાણે.

(b) છે આ ઢગલો સામે પડેલો ધાનનો અમારો.

(c) જાય સર્વ સાધનાઓ બાકીની મૈત્રી સાધનામાં છે સમાઈ.

(d) કરીએ ન તરવાડી અમે કોઈદિ લાભે.

6. **નીચે અવતરણ ચિહ્નોમાં આપેલ ઉક્તિઓ કોણ બોલે છે તે નામની આગળ આપેલા ખાનામાં ખરાની નિશાની કરીને દર્શાવો.** 4

(a) "વરસાદ નહીં આવે તો આપણે ______ જેની જેની પાસે ધાન હશે એય નથી જીવવાના."

☐ કાળુ ☐ કાદેર ☐ સુંદરનુ શેઠ

(b) "શેઠ હજો તો આવા મોટા ગજના હજો !"

☐ રાજુ ☐ કાળુ ☐ કાદેર

(c) "ત્યારે એ રી-કિરણો વડે જરા પ્રેમાનંદના નાટકો કોનાં છે તે કહોને, મારાં સર્વજ્ઞાબાઈ !"

☐ નાયક ☐ નાયિકા ☐ મહારાજ

(d) "તું વળી ખાવાનું મોકલણાર કોણ ? જાય છે કે નહીં ?"

☐ નાયક ☐ નાયિકા ☐ મહારાજ

7. (a) "જક્ષણી" અને "બંસી કાહે કો બજાઈ ?" માં વ્યક્ત થતા પ્રસન્ન દાંપત્યના ચિત્રની તુલના કરો. 6

(b) લેખક લોકશાહી બલણમાં ક્યા ગુણતત્વો પર સવિશેષ ભાર મૂકે છે ? શા માટે ?

8. **નીચેના કથનોને સમજાવો.** 6

(a) વિવિધ ભારતીય ભાષાઓ જાણવી, શીખવી એ એક મહત્વનું રાષ્ટ્રીય કર્તવ્ય છે તેમ લેખક શાથી કહે છે ? તે.

(b) વૃક્ષો અને વનસ્પતિ જમીન ધોવાણ અટકાવવામાં શો ફાળો આપે છે ? તે.

(c) ટાગોરે ભારતીય સંસ્કૃતિને 'તપોવનની સંસ્કૃતિ' તરીકે શા માટે ઓળખાવી છે. તે.

-oOo-